ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

વાત તારી મનમાં ઉતારી લીધી છે.
જીભ પર મેં સ્ટેપલર મારી લીધી છે.
તેં મને ગાળો લખી એ વાંચવામાં,
જોડણીની ભૂલ સુધારી લીધી છે.

- કુલદીપ કારિયા

### પાથેય

- રમેશ ઠક્કર

ઘણા લોકો જીભને જમૈયાની જેમ વાપરતા રહે છે.કેટલાકને સાચું સંભળાવી દેવાની એક ગજબ ચાનક હોય છે.અમુક લોકોનો તો તકિયાકલામ જ હોય છે ‘આપણે તો કોઈની સાડાબારી ના રાખીએ!’ કોઇ વ્યકિત જો ઓછું બોલતો હોય કે વિચારીને જવાબ આપતો હોય તો એ ઉપવાસનું પાત્ર બની જાય છે.મોંઢામાં મગ ભરી રાખતા માણસો ફકત મીંઢા જ નથી હોતા કયારેક એ લોકો વાણીનું વજૂદ સમજનારા સાચા લોકો પણ હોય છે..હકિકતમાં જીભને બેફામ થવા દેવામાં કેવળ નુકસાન છે..માણસે કાનને ખુલ્લા રાખી આંખને ઉઘાડી રાખી જગતને જોવાની ધીરજ કેળવવા જેવી છે.કવિ જરાક આત્યંતિક રીતે કહે છે કે જીભને સ્ટેપલર મારી દીધું છે !

કોયલ પોતાની પાસેથી કોઈને કશું ભૌતિક રીતે જોઈએ તો આપતી હોતી નથી..એના સુમધુર કંઠ થકી એ સહુ કોઈને વ્હાલી લાગે છે..સામા પક્ષે કાગડો કોઈનું કશું લઈ જતો હોતો નથી પરંતુ એના કર્કશ અવાજના કારણે એ અપ્રિય બની જાય છે..સંસ્કૃત સુભાષિતનો આ સાર સહુ કોઈએ ગાંઠે બાંધી લેવા જેવો છે..હમણાં એક સફળ કહી શકાય એવા જાહેર જીવનના પદાધિકારીને અંગત રીતે મળવાનું થયું..અનેક લોકો સાથે દરરોજ જુદી જુદી બાબતોએ વાત કરવાની થતી હોવા છતાં એમના શબ્દો થકી એવકયારેય વિવાદમાં આવ્યા નથી..એમની આ સિધ્ધિ માટે મેં એમને પૂછ્યું..એમણે એક સરસ પધ્ધતિ નાનપણથી જ અપનાવી છે..દિવસ દરમિયાન એ જે કંઈ બોલ્યા હોય એશયાદ રાખે..નોંધપાત્ર સ્વરૂપે ટકાવી રાખે..હવે તો રેકોર્ડિંગ પણ થાય છે એનો પણ લાભ લે..રાત્રે નિરાંતે પોતે જે બોલ્યા હતા એ રિવાઈન્ડ કરે એને નિરાંતે ફરી સાંભળે.એમાં કેટલું અનિવાર્ય હતું અને કેટલું કારણવગરનું હતું એનું મનોમન આકલન કરે અને બીજા દિવસે એવી ભૂલ ફરી ના થાય એ રીતે સુધારો કરતા રહે...અમુક વરસો પછી બોલવા ઉપર એમનામાં એક અદ્ભુત હથોટી આવી ગઈ..લોકો એમને સાંભળવા માટે આતુર થવા માંડયા..એક સારા વકતા તરીકે પણ એ લોકપ્રિય થતા ગયા..

વાણીનો આ જાદુ છે..સામાન્ય રીતે કોઈ માણસ પોતે શું બોલે છે એનું આકલન ભાગ્યે જ કરતો હોય છે..એનું સંપૂર્ણ ફોકસ સામેની વ્યકિત કેવો પ્રતિભાવ આપે છે એના ઉપર હોય છે..અંગ્રેજીમાં કહેવત છે કે સારા શ્રોતા બનવું એ શ્રેષ્ઠ કળા છે..આપણે સહુ બોલવાના માહી છીએ..આપસમાં આડેધડ વાણીવિલાસ કરતા માણસો કે મંચ ઉપર માઈકની સામે અવિરત બોલતા વકતાઓ જીભને બેલગામ થવા દેવાની બાબતમાં એકસરખી ભૂમિકાએ હોય છે..સંયમિત રીતે બોલવું, સમયબધ્ધ બોલવું, કે વિષયને અનુરૂપ બોલવું એ સૌથી મોટી સિધ્ધિ હોય છે.એ દરેકને આત્મસાત હોતી નથી..ભાંગરો વાટવો કે વિવાદ થાય એવું બોલી નાખવું ઘણીવાર મોટી મુશ્કેલી સર્જે છે..

શબ્દોનું પૂરપાટ નિકળી જતા અસવાર જેવું છે.એકવખત એ છૂટી જાય પછી પાછા વળવું અશક્ય..માણસ નહીં બોલેયેલા શબ્દોનો માલિક છે..ખોટી રીતે ઉચ્ચારાયેલી વાણીને ઠીક કરવા કોઈ ઉપાય હોતો નથી..બૂંદ સે બિગડી હોય સે નહીં સુધરતી એવું વાણીની બાબતમાં પણ કહી શકાય.ખુલાસા કે રદીયો આપવા જેવા ઉપાયો થીગડાં મારવા જેવા હોય છે.ના બોલવાના કારણે માણસ કદાચ

અનુસંધાન પાના નં. ૭ પર

# યુદ્ધ ટળવાના અણસાર : રશિયા હવે થાક્યું છે

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વયુદ્ધ ટાળવા માટે યુનોના મહામંત્રીથી લઈ ભારતના વડાપ્રધાન સુધીના વિશ્વકક્ષાના નેતાઓ સક્રિય થયા છે. તુર્કીના રાષ્ટ્રપતિ તો યુદ્ધ અડતાળીસ કલાકમાં સમાપ્ત થઈ જશે એવી હૈયાધારણ પણ આપી ચૂક્યા છે. એમણે બેઉ ઝઘડતા દેશોના વડાઓને સમજાવ્યા છે અને ઝેલેન્સ્કી સાથે પુતિનની બેઠક યોજાય એવી શક્યતા પણ છે. દરમિયાન રશિયા મારિયુપોલ જેવા વ્યૂહાત્મક નગર પર કબજો મેળવ્યા પછી ત્યાંના સ્ટીલ પ્લાન્ટ પર મિસાઈલ મારો કરી રહ્યું હોવાના સમાચાર પણ છે. પુતિનને યુદ્ધ ગુનેગાર ગણાવી એમની સામે વિશ્વ અદાલતમાં ખટલો ચાલે એવી માગણી યુક્રેનના રાષ્ટ્રપતિ વારંવાર કરતા રહ્યા છે. અમેરિકા એ રશિયા વિરુદ્ધ ખુલ્લી દુશ્મનાવટ કરી દીધી છે. રશિયાએ આખી દુનિયાથી અલગ પાડી દેવાની વ્યૂહરચનામાં અમેરિકા અને યુરોપના દેશોએ સહમતી સાધી હોવા છતાં રશિયાના તેલ ભંડારોનો વિકલ્પ જડતો નથી. બહારની દુનિયાથી કપાઈ જવાનું રશિયાને પણ પોસાય એમ નથી. પરંતુ પુતિન માટે આ યુદ્ધ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહ્યું છે. એ યુક્રેનને હંફાવી શક્યા નથી, તબાહ જરૂર કરી શક્યા છે. યુક્રેનને અમેરિકા, બ્રિટન અને યુરોપના દેશો ઉપરાંત ઈઝરાયેલ પણ વિવિધ સ્વરુપે મદદ કરી રહેલ છે. ભારત તટસ્થ રહ્યું છે કારણ કે ખરા સમયે રશિયા જ એની વહારે ધાયું હતું તે આજના શાસકો પણ ભૂલ્યા નથી. આથી મોદી બેઉ ઝઘડતા દેશો વચ્ચે સમાધાન કરાવવા ઉત્સુક જરૂર છે પણ રશિયા વિરુદ્ધ સલામતી સમિતિમાં વોટ કરી શકતા નથી. યુદ્ધના જ દિવસોમાં બ્રિટનના વડાપ્રધાન બોરીસ જોનસને યુક્રેન પહોંચી જઈ ત્યાંના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી અને કીવના રાજમાર્ગો પર લટાર મારતા દેખાતા હતા. પુતિન માટે એ શરમજનક દશ્ય હતું. કીવને ગણતરીના કલાકોમાં કબજે કરી લેવાની એમની ગણતરી ધરાર ખોટી પડી છે અને બે મહિના સુધી નિરંતર હુમલાઓ ચાલુ રાખ્યા પછી પણ મારિયોપોલ તથા રશિયાની સરહદ નજીકના બે રશિયા તરફી પ્રદેશો સિવાય પુતિન યુક્રેન પર કબજો મેળવી શક્યા નથી. ઊલટાની એમની સેના રઘવાઈ બનીને નિર્દોષ નાગરિકોનો ભોગ લેતી રહી છે. માર્યા ગયેલા સૈનિકોની સંખ્યા પણ રશિયન સેનાનું મનોબળ તોડી નાખે એવી છે. એથી તદ્દન ઊલટું, અમેરિકા ‘સેફ પેસેજ’ આપવાની ઓફર કર્યા છતાં યુક્રેનના ઝુઝારુ રાષ્ટ્રપતિએ કીવ છોડ્યું નથી અને અમેરિકા -યુરોપ સહિત તમામ રશિયા વિરોધી રાષ્ટ્રો પાસેથી ફક્ત શસ્ત્રોનો પુરવઠો જ માગતા રહ્યા છે. પુતિનના લશ્કરી કમાંડરો ઢીલા પડી ગયા છે છતાં આવડી મોટી સૈન્ય શક્તિ ધરાવતા મહાસત્તા યુક્રેન સામે ઝુકી ગઈ એવી છાપ ઊભી ન થાય એ માટે પુતિન યુદ્ધને નિર્ણાયક તબક્કે લઈ જવા કૃતસંકલ્પ છે. ભારતની મુલાકાતે આવેલા બ્રિટનના વડાપ્રધાને ભારતના વડાપ્રધાન સાથે વેપારવણજ અને આર્થિક ગુનેગારો - ભાગેડુઓના પ્રત્યાર્પણ તથા પ્રવાસીઓ માટે વિઝા જેવા મુદ્દાઓ ઉપરાંત રશિયા સાથેના વ્યાપારી સંબંધો અંગે પણ ચર્ચા કરી હશે. યુક્રેનના ખુલ્લા સમર્થક એવા બ્રિટને ભારતને ‘આર્થિક મહાસત્તા’ અને વિશ્વની ‘સૌથી મોટી લોકશાહી’ તરીકે બિરદાવવા ઉપરાંત ભારત અને સવિશેષ ગુજરાતમાં મળેલ સમ્માનની ઉમળકાભેર નોંધ લીધી છે. પોતે જાણે સચીન તેંડુલકર કે અમિતાભ બચ્ચન હોય એવું સમ્માન ગુજરાતી પ્રજએ આપ્યું - એનો એમને પરમ પરિતોષ છે. એમને ક્યાં ખબર છે કે એ બધું સુયોજિત સમ્માન હતું ! હજારોની ભીડ ભેગી કરવા સરકારે તડામાર તૈયારીઓ કરી હતી અને લોકોને લાવવા-મૂકવા એસટી બસો દોડાવી હતી ! ભારતના સર્વોચ્ચ ‘શૉમેન’ વડાપ્રધાન પણ છે !

# માનવતા વાવીને એક માણસને ઊગાડવાનો છે!

**આરપાર**
**રાઘવજી માધડ**



ઘડીભર કલ્પના કરો,કોઈ કવિ-લેખક-સર્જકની સર્જેલી કૃતિ,પાઠ આપણે ભણ્યા હોઈએ અથવાતો વર્ગખંડમાં ભણાવી હોય...તે પૂર્વે સર્જકનો પરિચય પણ આપ્યો હોય. પણ ખુદ એ સર્જક સન્મુખ આવી ને ઊભા રહે તો...તેમને જોઈ કેવો આશ્ચર્યભાવ થાય ! થોડીવાર માટે આ હકીકત પર વિશ્વાસ બેસે નહીં.

આપણે ત્યાં શિક્ષણમાં પ્રત્યક્ષીકરણનો પ્રભાવ લગભગ કોઈના સ્વભાવમાં નથી. અભ્યાસક્રમના આધારે પ્રોજેક્ટ ને એવી કોઈ પ્રવૃત્તિ કરાવામાં આવે પણ વિદ્યાર્થીને અનુભવની તક ઓછી મળે છે. પણ શિક્ષણ દ્વારા એક ઉત્તમ માણસનું ઘડતર કરવાનું હોય તો તેમાં અનુભવ અનિવાર્ય હોય છે.

જયારે ધોરણ દસમાં રમેશ પારેખની કવિતા-તારો મેવાડ મીરાં છોડશે...ભણવામાં આવતી હતી ત્યારે અમારી કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ અને જિલ્લા શિક્ષણ સમિતિ,અમરેલી-જ્યાં રમેશ પારેખ નોકરી કરતા હતા આ બેઉ ઈમારત વચ્ચે માત્ર એક દીવાલ જ હતી...એ પણ તૂટેલી.છતાંય કવિને વર્ગખંડ સુધી લાવવાનું કોઈને સૂઝયું નહોતું. પછીથી કવિને પ્રથમવાર મળવાનું બન્યું હતું ત્યારે અહોભાવ અનન્ય હતો.

આ મુદ્દો મનમાં ઉભરી આવવાનું કારણ બે દિવસ પહેલા કચ્છના રાપર નગરની અને પાબુનગર ગેડીની સ્કૂલોમાં જવાનું બન્યું હતું. અને પછી તો પરીક્ષા બાદ વિદ્યાર્થીઓ સાથે સંવાદ પણ થયો હતો.

રાપર તાલુકાના શિક્ષકોની ચિંતન શિબિર હતી. જેમાં મારે રાષ્ટ્રીય નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ વિશે વક્તવ્ય આપવાનું હતું.ધોરણ એકથી પાંચ સુધી વિદ્યાર્થીઓને સ્થાનિક ભાષા-બોલીમાં શિક્ષણ મળવું જોઈએ...તેવું આ નીતિ સ્પષ્ટ કરાયું છે.એક વૈવિધ્યસભર એવો કચ્છ અને તેમાં આ વાગડ વિસ્તાર...વળી ફરજ બજાવતા મોટાભાગના શિક્ષકો અન્ય જિલ્લાઓમાંથી આવ્યા છે ત્યારે બોલીના પ્રશ્નો હોય તે સમજાય એવું છે. તેથી આ ભાષા-બોલીનો આ વિષય પસંદ કર્યો હતો. ખરેખરતો વિદ્યાર્થિની સમજ વિકસવી જોઈએ, તે માટે વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે સમજાય તેવો સંવાદ રચાવો જોઈએ તેમાં સ્થાનિક બોલી માધ્યમ બને છે.જે ગુજરાતના તમામ વિસ્તારને પણ લાગુ પડે કરે છે અને શિક્ષણની ગુણવત્તાને પણ પ્રભાવિત કરે છે.

આ શિબિરનું આયોજન ઉત્સાહી શિક્ષક આગેવાન શ્રી અરજણભાઈ ડાંગર દ્વારા થયું હતું ને અમારા વચ્ચે સેતુ બન્યા હતા કર્મઠ શિક્ષક શ્રી સૂર્યશંકર ગોર.તેઓ થકી જ રવિભાણ સંપ્રદાયની જગ્યાના પી.એચડી. ની પદવી પામેલા પૂ.મહંતશ્રી ત્રિકાળદાસજી સાન્નિધ્ય સાંપડ્યું હતું. અને નિવાસ પણ ત્યાં જ રહ્યો હતો.

આ શિબિરના વળતા દિવસના ઊગતા પ્હોરે રાપરથી વીસેક કિલોમીટરના અંતરે આવેલા ગાંગતા બેટનું પરિભ્રમણ થયું હતું. રવેચી માતાના મંદિરના પરિસરમાં ઊભા રહી ચારેબાજુ નજર ફેરવોતો નજીકમાં ઝાડી-ઝાંખરાને પછીથી અફાટ રણ નજરે પડે.લગભગ પાંચસો વરસ જૂના કિલ્લાના પાષાણી અવશેષો વચ્ચે વૃક્ષો ઉછરી રહ્યા છે. થોડા વરસોમાં ત્યાં વનરાઈ ઊભી હશે...થાય કે ઊગે તેને કોણ પુગે ! હા, ત્યાં બેટની ટોચ પર, અમને પ્રેમથી ચા પાનાર મુઠ્ઠી ઊંચેરો મનેખ કહે છે:હું આ વૃક્ષોને પાણી પાવા આવું છું !

શિક્ષણનું મૂળભૂત કામ આ છે :માનવતા વાવી, સંવેદનાનું સિંચન કરી માણસને ઊગાડવો તે !

જ્યાં લોકોની આસ્થાનું કેન્દ્ર, હિંગળાજ માતાનું મંદિર છે ત્યાં સૂર્યશંકર અમોને દોરી ગયા હતા. મંદિર ટેકરી પર ને પથ્થરાળ ધરા છે પણ મંદિર ફરતા વૃક્ષો અને અવનવા ફૂલોનો ઉછેર થઈ રહ્યો છે. કચ્છીધરા પર આવા ફૂલઝાડનું હોવું નવાઈ પમાડે...પણ એક શિક્ષક આવું ન કરેતો જ નવાઈ. વળી નર્મદા ના નવા નીર ત્યાં પહોંચ્યા છે ને સાથે સ્થાનિકલોકોની શ્રદ્ધા સાથેનો પરિશ્રમ પણ લેખે લાગ્યો છે.


પછી શિક્ષક અગ્રણી અરજણભાઈની અયોધ્યાપૂરી સ્કૂલમાં આઠમાં ધોરણના વિદ્યાર્થીઓ સાથે એક પાઠના લેખક તરીકે મારા સાથે સંવાદ થયો. જો કે ઘણાં શિક્ષકો વીડિયો કોલિંગથી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરાવે છે પણ પ્રત્યક્ષ ઊભા હોઈએ તેનો આનંદ અનેરો હોય.‘તમે લેખક થવાનું ક્યારે નક્કી કરેલું,આ પાઠ જ કેમ લખ્યો...આવી પ્રશ્નોત્તરીથી વર્ગખંડ જીવંત થયો હતો.

**છેલ્લે :**

જ્યાં ભલાઈનું ઝરણું વહે ત્યાં બુરાઈ કચરા માફક કાંઠે રહી જતી હોય છે !

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

### દિન મહિમા




- નેશનલ પંચાયતી રાજ દિવસ



- સચિન તેંડુલકરનો જન્મદિવસ, ભારતીય ક્રિકેટર.

આજનું
### ઔષધ

- મધમાખીના ડંખ ઉપર મીઠું ચોપડવાથી પીડા મટે છે

### ખડખડાટ


- પત્ની : તમે લગ્ન પહેલા કેમ ના કીધું કે તમારે બીજી પત્ની પણ છે....?
જેંતી : કહ્યું તો હતું કે ‘રાની ની જેમ રાખીશ.’

આજનો
### વોટ્સએપ

- વળાંક આવે તો વળવું પડે એને રસ્તો બદલ્યો ના કહેવાય....
સમય સાથે બદલવું પડે એને સ્વભાવ બદલ્યો ના કહેવાય....

# સિધ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય... છગનદષ્ટિએ...

**હમજ્યા મારા ભૈ !**
**ભાગ્યેશ જહા**



ભાગ્યે જ તમને ખ્યાલ હશે કે ઉનાળો ઘણાને ’શાતા’ આપનારી ઋતુ છે. છગનલાલને નહોતા મળ્યા ત્યાં સુધી અમે પણ અમારા અજ્ઞાનથી મસ્ત બની બપોરે એસીમાં ઉંઘવાથી સ્વર્ગનું સુખ મળે છે તેવી ભ્રમણામાં હતા અને છીએ. પણ છગનલાલ માટે તાપ એ પાપના નાશ માટેનું સાધન છે, એ એવું માને છે કે જે લોકોએ સારી એવી સૂર્ય-ઉપાસના કરી હોય તેવા લોકો જ ઉનાળામાં સક્રિયતાનું વરદાન પામે છે. જો કે પોતાના કપાળેથી પરસેવો લુછતાં છગનલાલ એ પંક્તિ ક્વોટવાનું ભુલતા નથી, ’સિધ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય’. અમે એક એક્સ્ટ્રાઓર્ડીનરી આઈક્યુવાળા અધિકારીને ઓળખીએ છીએ જે દરેક કહેવતનું ’ડિસ-સેક્શન’ કરે, એનો છુંદો બનાવીને અર્થ કાઢવા અથવા કઢાવવા પ્રયત્ન કરે. ક્યારેક જો એમને એમનામાં રહેલા ’ભુત’ જેવા આઈક્યુનો ભારે એટેક આવે તો એ કોઈપણ જોકનું પૃથક્કરણ કરીને જોક તો ઠીક પણ સંભળાવનાર અને સાંભળનારના મુડને પણ ચુંથી કાઢી શકે. આવા મહાશયને કેવી રીતે સમજાવાય કે ઉનાળાના પરસેવે ન્હાવાથી કોઈ સિધ્ધિ ના મળે. અરે..! સિધ્ધિ નામની છોકરી જેની સગાઈ બે વાર તુટી ગઈ છે એ પણ પરસેવેથી ગંધાતા હો તો ગમે એવા પૈસાદાર છગનલાલને પણ વરવાની ’ના’ પાડી દે. એક્ચ્યુઅલી અમારા વિનુકાકાએ પે’લી પરસેવાવાળી કહેવતને આગળ લઈ જતાં કહ્યું, ’કે આપણા શિક્ષણશાસ્ત્રીઓએ બાળકોને સહજ વળતા પરસેવાને કારણે ’શોર્ટકટ’માં સિધ્ધિ મેળવવાની લાલચ ના થઈ આવે એટલા માટે ઉનાળામાં શાળાઓમાં વેકેશન આપવામાં આવે છે. આપણા અબુધ લોકો શિક્ષણમાં છુપાયેલા આ રહસ્યો જાણતા ના હોવાથી ’ક્વૉલિટી’ની બાબતમાં એલફેલ બોલતા હોય છે.

છગનલાલ એવું માને છે કે કવિને જે કહેવું છે એ આ ઉનાળાના પરસેવા માટે જ કહેવું છે. આ ઉનાળામાં જે કામ કરી શકે એ જ સિધ્ધિ પામી શકે.


પણ છગનલાલનું ’ઠેકાણું’ નહીં, એમનું રાજકારણી જેવું અનુકૂળ હોય એને મારી ઠોકીને ’સાચું છે’ એમ કહે અને બીજી જ ક્ષણે ફરી જાય. જુઓ, એક દિવસ છગનલાલનું કેવું થયું.. ઉનાળો આવે એટલે છગનલાલને જોવાની મઝા આવે, એમની સાથે વાત કરવાની મઝા આવે. આજે એ બપોરે સાડાબારે આવીને અમને કહે, ’આવો, જુઓ, આ રસ્તા પર ટ્રાફિક કેટલો બધો છે, આ સ્કુટરવાળાને જુઓ...નાના ભુલકાને લઈને નીકળ્યા છે..!’ પછી શ્વાસ રોકીને કહે, ’મને તો સાહેબ ! માણસની બુધ્ધિ પર શંકા પડે છે, આના કરતાં તો વાંદરાઓ સારા.. એ પણ એમના બચ્ચાઓને લઈને વહેલી સવારે આવી જાય છે, આંટો મારીને જે મળે તે ખાઈને જતા રહે છે. જ્યારે પે’લો વાદળી શર્ટવાળો માણસ એના બાળકને લઈને ક્યાં જતો હશે ? એવા તે શાં કામ હશે કે ૪૫ડીગ્રી તાપમાં પોતાના બાળુડાંને આમ લઈ જતા હશે.. આ એક પ્રકારના વંશવાદનું પ્રદર્શન છે ? માંડ માંડ છગનલાલને ઘરમાંથી એ રીતે કાઢવા પડ્યા જે રીતે માણસ ગાડીમાં ઘુસી ગયેલી માખી કાઢે.

પાછા છગનલાલ ‘ઓરિજિનલ’ મુડમાં આવી જાય. છગનલાલ એવું માને છે કે જુના જમાનામાં લગ્નો મે-મહિનાના ધોમધખતા તાપમાં થતા એ પણ વર-વહૂને આ ‘તાપ અને પરસેવા’નું માહત્મ્ય સમજાવવા જ સ્તો રાખવામાં આવતા હતા. આકાશમાં સૂર્યના એવા કલ્યાગરા ગ્રહો હતા જે ‘સૂરજ’ને ખોટું ના લાગે એ માટે ભર તાપમાં સારો યોગ રચી આપતા જેથી અગનતાપમાં યુવાબેલડી જીવનના તાપમાં પ્રવેશ કરતા. આના લીધે કન્યાને ખ્યાલ આવે કે આનાથી સખત ગરમ અગ્નિમાં સીતાએ પ્રવેશ કરેલો. જો કે કાળક્રમે, સૂરજે પોતાનો પરચો બતાવવા કેટલીક સોલર-ટેકનીકો કરી છે જેમ કે ગ્રીષ્મિત લગ્નોમાં ’સાફાઓ બાંધવા’, ભરબપોરે ‘રોડ પર ભાંગડા’ કરવા, જ્યારે સાંજે ખાવાની રૂચિ ના હોય ત્યારે જમણવારમાં ‘ઝાપટવા’ ઉપડી જવું. છગનલાલ તો પાછા કોટ-પાટલૂન-ટાઈ સાથે આવા લગ્નોમાં બપોરે સાડાબારે નાચી શકતા. એમની સાથે નાચતા એન.આર.આઈ જેકી એટલે કે જયકૃષ્ણને એક દિવસ અમે પુછેલું કે અમેરિકાની માઈનસ ડીગ્રીવાળી ઠંડીમાંથી આવીને આવી રીતે અહીં નાચો છો ? તે કેવી રીતે ફાવે છે ? એમણે કોઈ ક્રિમીનલ વારેવારે ખાલી પિસ્તોલની ટ્રીગર પર હાથ મુકે એવી રાતે પોતાની ટાઈ પર હાથ મુકીને અમને કહેલું, ’એકવાર છગનલાલ જેવી કમ્પની મળી જાય પછી ગરમી ગરમી નથી રહેતી...’ પછી રાજકારણી જેવું કૃત્રિમ હાસ્ય હોઠ પર લાવીને કહે, ’સાહેબ, લાગણી આગળ કશું જ ટકતું નથી..’ પણ જ્યારે અમે એક અળવીતરા પત્રકારની જેમ પુછ્યું કે, ‘જેકી, આ કોટ ના પહેરો તો ના ચાલે !!!’ એણે રીટાયર્ડ એરહોસ્ટેસ જે પોતાની કૃત્રિમ રીતે હસવાનું ભુલી શકતી નથી, એના જેવું તદ્દન ખખડી ગયેલી ગાડીના હોર્ન જેવો અવાજ કાઢીને કહ્યું, ‘યાર ! ત્યાં જ તો તમે માર ખાઈ જાઓ છો.. મેનર્સ મેટર્સ... ’ જો કે અંગ્રેજી વ્યાકરણમાં ક્યા ક્રિયાપદમાં એસ લગાડવો એ વિશે ચર્ચા કરો તો એ તમને રશિયા જે રીતે યુક્રેનની હોસ્પિટલો તોડી પાડે છે એમ તોડી પાડે.

અમે અમેરિકાથી લાખ રુપિયાની ટીકીટ ખર્ચીને આવ્યા છીએ તે આ કોટ કાઢી નાંખીએ તો તમને લોકાને કેવી રીતે ખબર પડે.. "આવા જેકીઓ અને છગનલાલો એકબીજાને પ્રોત્સાહન આપીને સૂરજને પ્રેમ કરવાનું એક શાસ્ત્ર પ્રજાને ભણાવી રહ્યા છે. છગનલાલ અનેક ધંધામાં નિષ્ફળ ગયા પછી હવે લોકોની ‘સેવા’માં લાગ્યા છે પણ ઈક્રમટેક્ષવાળાને બતાવવા માટે શાકભાજીની દુકાન ચાલું કરી છે. અમે એકવાર એમની દુકાને અચાનક ગયા ત્યારે એ શાકભાજીને એક માળીની અદાથી પાણી છાંટી રહ્યા હતા. ત્યારે અમે પુછ્યું કે ’આ શું ! છેતરામણની તૈયારી ! ‘તરત જ છગનલાલ બોલી ઉઠ્યા, ’સાહેબ, જગદીશચંદ્ર બોઝને યાદ કરો.. વનસ્પતિમાં જીવ છે, આ ગરમીમાં એમને પણ સિધ્ધિ મેળવવા માટે પરસેવે ન્હાવું પડતું હોય તેવા સંજોગોમાં એમને ડી-હાઈડ્રેશન ના થાય એટલા માટે આ જલપૂર્તિ અભિયાન દ્વારા અમે આ અબોલા શાકને પાણી છાંટીને એક પ્રકારની ’સેવા’ કરીએ છીએ...’ તમારે લોકોને દરેક બાબતે વાંકુ જ જોવાની ટેવને કારણે અમારી આ વૈજ્ઞાનિક હરકતોને સમજી શકતા નથી... ખરેખર.. છગનલાલથી પ્રભાવિત થઈને કેટલીક થોડું ભણેલી યુવતીઓ આ પરસેવા-યજ્ઞમાં બપોરે સિધ્ધિ પામવા તડકામાં ચાલે છે.. જય હો.

# તગતગતો આ તડકો, ચારેકોર જુઓને કેવી ચગદાઇ ગઇ છે સડકો (નીરંજન ભગત)!

**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**



કોઈને ૧૦૦ માર્કનો માત્ર એક જ પ્રશ્ન પૂછીએ કે ‘ બકા, ઉનાળો એટલે ? ‘ તો બકો માથું ખંજવાળવા માંડે અને ખંજવાળતા ખંજવાળતા જવાબો મળે કે.. ઉનાળો એટલે સુસ્તીનો સાગર.. ઉનાળો એટલે કંટાળાનો કકળાટ.. ઉનાળો એટલે ગરમીનો ગડગડાટ.. ઉનાળો એટલે આકરા તાપનો ત્રાસ.. ઉનાળો એટલે.. !!! આપણે કહેવું પડે કે બસ હવે જાળવ્યો જા ભાઈ..!!!! પણ આમાં શું છે કે ભુરાનો કોઈ વાંક નથી. પોબલેમ આ સિઝનનો જ છે.!!! જી હા ઉનાળાની છાપ જ એવી પડી ગઈ છે ને કે ઉપર પૂછ્યો એ સો એ સો માર્કનો પ્રશ્નનો કડકડાટ જવાબ હું ને તમે બધાએ આપી શકી. જી હા બાકીની બે ઋતુની સરખામણીમાં બચ્ચારો ઉનાળો ખોટે ખોટો વગોવાઈ ગયેલો છે..!!! ખોટે ખોટો લખ્યું તો કોઈને એમ થશે કે તો શું બાકીની બે ઋતુઓ દૂધે ધોયેલી છે..??? ના રે ના.. દૂધ-દહીં તો સમજ્યા પણ ઉનાળાનો પ્રભાવ બોલે તો ઈફેક્ટ માનવજીવન પર એટલી વધુ પડે છે કે ઉનાળાનું નામ પડે કે આપણે તો પરસેવે રેબઝેબ થઈ જવાના..!!! પેલું હિન્દી ફિલ્મમાં ડાયલોગ ઠબકારે ને એમ..’ સિર્ફ નામ હી કાફી હૈ ‘..!!!!

યસ, વાત પણ ખોટી નથી.. ઉનાળાનું માત્ર નામ જ કાફી છે પરસેવાના રેલા ઉતારવા માટે..!! ઉનાળો એટલે ?.. ઉનાળો એટલે ગરમી.. ઉનાળો એટલે લુ.. ઉનાળો એટલે જંપી ગયેલું જનજીવન.. ઉનાળો એટલે સોંપો પડી ગયેલી બપ્પોર.. ઉનાળો એટલે ‘ બહુ ગરમી છે બાપ્પા..’ નો આલાપ.. ઉનાળો એટલે તરસ.. ઉનાળો એટલે ગળામાં પડતો પાણીનો સોસ.. ઉનાળો એટલે ડિહાઈડ્રેશન અને હીટ સ્ટ્રોકની ઋતુ.. ઉનાળો એટલે ..!!!!! ઉનાળો બોલે તો સમરના આટલા ગુણગાન ગાયા પછી એમ થાય છે કે આ તો સિક્કાની એકબાજુની જ વાત કરી..? એમ થાય છે કે આ તો અર્ધા ભરેલા ગ્લાસને બદલે ખાલી ગ્લાસની વાત કરી ? જો આવું થતું હોય તો પાડો હા..!!! બીકોઝ ઉનાળો એટલે નો ડાઉટ આ ઉપર મરસિયા ગાયા એ તો છે જ પણ એની સાથે સાથે ઉનાળો એટલે એવું બીજું ઘણું બધુ છે જેને યાદ કરવાથી ‘ તુને મારી એન્ટ્રી યાર દિલમે બજી ઘંટી યાર ‘ ગાવાનું મન થઈ જાય. જી હા, ઉનાળાની પોતાની એક મજા પણ છે.. એની ખાસિયતો પણ છે.. એનો એક આનદ પણ છે અને બીજી બધી ઋતુઓની જેમ જ ઉનાળાની ખાસિયતો.. મજા.. એ ખાલી ‘ હાય હાય ગરમી ‘ કે ‘ પરસેવાના રેલા ‘ થી ઘણી વિશેષ અને આનંદીત કરનારી છે.

આમ તો શું છે કે ઋતુચક્ર મુજબ તો ચાર ચાર મહિનાની ઑફિસયલી ત્રણ ઋતુ છે પણ હવે પહેલા જેવી ઠંડી પણ કયા પડે છે કે પહેલા જેવા વરસાદો પણ કયા ? આમ જોવા જાવ તો ચારની બદલે લગભગ લગભગ છ મહિના જેવી ગરમીની સિઝન રહે છે, ભલે એ વાત અલગ છે કે કાળઝાળ ગરમી તો બે કે ત્રણ મહિના જ પડે છે. પણ જો ભણવામાં વિજ્ઞાન બરાબર વાંચ્યું હશે તો એ પણ ખબર જ હશે કે ઉનાળો અને એની ગરમી બાકીની બે સિઝન હોવા માટે પણ જરૂરી છે તો ખરી જ. અરે બે નહીં તો એક યાની કી ચોમાસા માટે અગત્યની જ છે. ખેર આપણે વિજ્ઞાન-બીગનાન માં પડવું નથી પણ ઉનાળો અને એનો એક આગવો વૈભવ છે એની પર જ ફોકસ કરવું છે. ઉનાળો અને વૈભવ ? જી હા.. સૌથી પહેલો વૈભવ તો લાંબા દિવસનો આનંદ. શિયાળામાં તો ફટ કરતોક ને દિવસ શરૂ થતાં જ પૂરો થઈ જાય પણ ઉનાળામાં દિવસ વિસ્તરે. એય ને ગરમીને મારો ગોલી પણ લાંબા દિવસનો લાભ લઈ શકો એટલું જ નહીં પણ પછી મોડેથી ઠંડી પડતી રાતની લિજ્જત પણ ઉઠાવી શકો કે નહીં ? ભલે એમ કહેવાય કે ભોજન અને વાનગીઓનાં વૈવિધ્ય માટે શિયાળો બેસ્ટ પણ એમ તો ઉનાળામાં પણ એકે હજારા ફળોનો રાજા કેરી તો છે જ અને લટકામાં દ્રાક્ષ, તરબૂચ જેવા રસીલા આકર્ષણો તો ખરા જ કે નહીં ? શેરડીને એમ જ ચૂસ્યા કરો કે પછી પીવો એનો ઠંડો રસ અને સાકર નાંખ્યા વિના જ ગળી લાગતી સાકરટેટી અને રંગેરૂપે કેસરી પણ નામ છે નારંગી એને કેમ ભુલશો ? આઈસક્રીમ ભલે ને બારે માસ ખવાતો હોય પણ ઉનાળામાં એની ટાઢક અનેરી અને લટકામાં બરફગોળા તો ખરા જ ને ?

ખાવા-પીવામાંથી ( અહી પીવું એટલે શેરડીનો મસ્ત ઠંડો રસ ગણવો – ચોખવટ પૂરી ) પરવારો તો ઉનાળુ વેકેશન ને યાદ કરી લેવાનું. ઉનાળાના દિવસો જો લાંબા હોય તો એની સામે લાંબુ ઉનાળુ વેકેશન પણ છે જ ને ? વૉટરપાર્ક ને ઠંડા પ્રદેશોમાં ટુર નું પ્લાનિંગ સમરમાં વધુ ચોકકસાઈથી અને આનંદથી કરી શકો. ભારતમાં તેમજ વિશ્વભરના ઘણા સ્થળોએ, ઉનાળાને પ્રવાસ અને આરામની ઋતુ તરીકે જોવામાં આવે છે. આનું કારણ એ છે કે આગળ લખ્યું એમ મોટાભાગના શાળાના વિદ્યાર્થીઓ અને કોલેજના વિદ્યાર્થીઓને ઉનાળાના મહિનાઓમાં ઉનાળુ વેકેશન હોય છે. જો તમારો જીવડો બહુ એ. સી. નો રહુંડિયો ના હોય તો ઢબે કે ગેલેરીમાં સુવા જવાનો આનંદ ઉનાળામાં જ આવે. એય ને સૂતા સૂતા તારોડીયા ગણવાની મજા.. અહા . હા મચ્છરદાની લાવવાની ભૂલવી નહીં..!!!! ઉનાળાની રાતોમાં પામર જીવને ઘસઘસાટ ઊંઘ કયા આવવાની એવું જાણતા ચોરલોકો પણ ઉનાળા પૂરતી ઘરફોડી ઓછી કરે છે..!!! શિયાળામાં તો ચારેકોર ઢબૂરાઈને શરીર પણ ત્રાહિમામ પોકારી ઉઠે તો ચોમાસામાં તો પલળવાની બીક નહીં ? તો સામે ઉનાળામાં હળવા, હલકા અને ખુલ્લાખુલ્લા વસ્ત્રોમાં આઝાદીનો અહેસાસ થાય કે નહીં ? ઉનાળો એટલે ખુલ્લાપણાની સિઝન..!! ઘરલક્ષ્મીની વાત કરીએ તો ઘઉ ભરવાની સિઝન, મસાલા દળવાની કે ભરવાની સિઝન, બટાકાની વેફર ની સિઝન.. અહાહાહા..!!! કસરતથી ભાગતા આળસુ લોકો માટે ઉનાળાની ગરમીમાં પડતો પરસેવો આશીર્વાદરૂપ છે.

ચોમાસાનું અને શિયાળાનું તો સાહિત્યમાં અઢળક વર્ણન જોવા મળે છે. કવિઓ ને લેખકો આ બંને ઋતુઓ પર ઓવારી ગયા હોય એટલું લખાયું છે પણ ઉનાળા વિષે ? ઓછું રચાયું છે પણ જે પણ છે એમાં ઉનાળાના બળબળતા બપોરને કવિઓ-લેખકોએ પોતપોતાની શૈલીમાં વર્ણવ્યો છે. કોઈને ઉનાળાના બપોરમાં વૈરાગી બાવાનું, કોઈને ભભૂતિધારી મહાદેવનું,તો કોઈને શિકારી કૂતરાનું દર્શન થયું છે. પ. “ તડકો પૂરજોશમાં પડતો હોય ત્યારે આકાશની શોભા ખાસ જોવાલાયક હોય છે. ભેંસો દૂધ દેતી વખતે જેવી રીતે આંખો મીંચી નિસ્તબ્ધ ઊભી રહે છે તેવી રીતે આકાશ તડકાની સેરો છોડતું ઊભું રહે છે. ન મળે વાદળાં,ન મળે ચાંદો.ચાંદો હોય તોયે વાસી રોટલાના ટુકડા જેવો ક્યાંક પડયો હોયપ..’’ આવું કાકાસાહેબ કાલેલકરે ઉનાળા માટે લખ્યું છે તો નીરંજન ભગતે ‘ તગતગતો આ તડકો ચારેકોર જુઓને કેવી ચગદાઈ ગઈ છે સડકો ‘ લખ્યું છે તો લાભશંકર ઠાકરે ’પરોઢના ઝાકળમાં તડકો પીગળે...’ની કલ્પના કરી છે. ઉનાળામાં ‘ હાય ગરમી ‘ અને ‘ ઓય ગરમી ‘ ના છાજિયાં લેવાને બદલે આ ‘ ઓય હોય ગરમી ‘ ને નજરંદાઝ કરીને એની બદલે કુદરતે કેટકેટલું સુખ ને આનંદની વસ્તુઓ આપી છે એની મજા ઉઠાવો ને. હમણાં જ બે’ક અઠવાડિયા પહેલા ગરમીના પ્રકોપ પર લખેલું જે દિવસે દિવસે અને સાલ દર સાલ વધતી રહેવાની તો આ ઉનાળે ગરમીને ભૂલીને જરા અલગ અંદાજમાં ગરમી સિવાયની ઉનાળાની મજા ઉઠાવો એ જ સમરમાં કૂલ કૂલ રહેવાનો સાચો મંત્ર છે.

- akurjt@gmail.com